ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૧૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### રોહિત શર્મા : ભારતીય ક્રિકેટ ગગનનો નવો સુપરસ્ટાર

ક્રિકેટ દુનિયાને ઘેલું લગાડનારી સ્પોર્ટ્સ આઇટમ બની ગઇ છે અને ભારતની રાષ્ટ્રીય રમત તરીકે હોકી હવે ફક્ત એક મીઠી યાદ બની ચૂકી છે. ક્રિકેટે બાકીના તમામ ખેલજગતને પાછળ પાડી દીધું છે. અર્ધમાં રામ ને અર્ધમાં ગામ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ભારતીય ક્રિકેટની દુનિયાભરમાં બોલબાલા છે. સચિન તેંડુલકરને તો 'ક્રિકેટના ભગવાન'નું બિરુદ મળી ગયું. એક સેલિબ્રીટી ખેલાડીને ભારતના સર્વોચ્ચ સમ્માનથી પોંખવાની સાર્વત્રિક માંગ ઊઠતાં 'ભારત રત્ન'નો દાયરો વિસ્તારવો પડ્યો, તે જ શું સૂચક નથી? પરંતુ બીજી તરફ ક્રિકેટમાં ચાલતા કાળા ગોરખધંધાથી પણ દુનિયા વાકેફ છે. આટલી ભૂમિકા પછીય ભારતના નાગરિકોને હરખપદૂડા થવાના અવનવા પ્રસંગો સરજાતા રહે છે એ દર્શાવે છે કે આ દેશને ગેડીદડાની જૂની ભારતીય રમત પરથી ઊતરી આવેલી આ વિદેશી બ્રાન્ડની સ્પોર્ટ્સ આઇટમ સાથે લેણું છે. સચિન, સહવાગ અને મહેન્દ્ર ધોની જેવા બ્રાન્ડ સેલિબ્રીટી ક્રિકેટ સ્ટારોને અતિક્રમીને ભારતીય ક્રિકેટગગનમાં એક નવો સુપરસ્ટાર ચમકી રહ્યો છે - રોહિત શર્મા. શ્રીલંકાની ટીમ સામેની ચોથી વનડેમાં ખતરનાક બેટિંગ કરી ૧૭૩ બોલમાં ૩૩ ચોગ્ગા અને ૯ છગ્ગા સાથે ૨૬૪ રનનો વિશ્વવિક્રમ સ્થાપનાર રોહિત શર્માએ વન-ડેમાં બે વખત બેવડી સદી ફટકારનાર વિશ્વના પ્રથમ બેટ્સમેન તરીકે નામ નોંધાવ્યું છે. શ્રીલંકા સામે રોહિત શર્માની આ આક્રમક રમતને પગલે ભારતે ૪૦૪ રનનું જંગી લક્ષ્ય ખડકી દીધું હતું. પાંચ વિકેટમાં આવડો જંગી સ્કોર ખડકાયા પછી શ્રીલંકા નિશ્ચિત પણે હારવાનું હતું, પરંતુ હતપ્રભ થઇ ગયેલી શ્રીલંકાની ટીમ આખી ટીમ સાથે મળીને રોહિત શર્મા જેટલા રન ન કરી શકી, તે ઘટના ઘણા લાંબા સમય લગી યાદ રહેશે. રોહિત શર્માને ઇજાને કારણે અઢી મહિના સુધી ક્રિકેટથી દૂર રહેવું પડ્યું હતું. જાણે એ ખોટનો બદલો ચૂકવતો હોય તેમ આ દંતકથારૂપ ખેલાડીએ ધીમી શરૂઆત પછી આક્રમક રમત રમીને ઇતિહાસ સરજી દીધો હતો. વનડેના ઇતિહાસમાં ચારેય બેવડી સદીઓ ભારતીય ખેલાડીઓના નામે બોલે છે, જે પૈકી છેલ્લી બે સદીઓ એકલા રોહિતના નામે છે. એના પૂર્વસરિઓ સહવાગ અને તેંડુલકરના રેકોર્ડ તોડીને આ નવો સુપરસ્ટાર સડસડાટ આગળ નીકળી ગયો છે. તે ભારતીય ક્રિકેટપ્રેમીઓ માટે ગર્વ અને ગૌરવનો વિષય છે. તદ્દુપરાંત એક સધિયારો પણ બેસે છે કે શેરને માથે સવાશેર હોય જ છે. એથી કોઇ એક તેંડુલકર રમતમાંથી નિવૃત્તિ લેશે તો ક્રિકેટ રંડાઇ જવાનું નથી. ભારત એકવીસમી સદીમાં આર્થિક અને સામરિક મહાસત્તા બનવાની સાથે ખેલજગતની પણ મહાસત્તા બની રહેશે, એમાં શંકાને સ્થાન નથી.



## માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં બાલદિનની ઉજવણી કરવામાં આવી

૧૪મી નવેમ્બર પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિન નિમિત્તે સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલમાં બાળદિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આજનાં બાળકો એ આવતી કાલના આગેવાન છે. આ કુશળ આગેવાનોનું ઘડતર બાળપણથી જ કરવામાં આવે તો તેમની શકિતઓ ખીલી ઉઠે. આ હેતુને ધ્યાનમાં રાખીને બાળકોના વહાલા નહેરુચાચાની જન્મજયંતીના ભાગરૂપે શાળામાં આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ખાણી પીણી તથા રમતગમતનાં સ્ટોલનું આયોજન કર્યું હતું. આ સ્ટોલમાં ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિની ઝાંખી કરાવતી વિવિધ વાનગીઓ ભેળ, ભાજીપાઉ, પાણીપુરી, ચટણીપુરી પીઝા, મંચુરીયનની લહેજત માણતાં માણતાં વિદ્યાર્થીઓએ ડીસ્કોથેક, તંબોલા, પીરામીડ, માઈન્ડ ગેમની મજા માણી હતી. કાર્યક્રમનું આયોજન શાળાના આચાયા સિ. રેણુકા અને ધોરણ ૯ થી ૧૨નાં ઉત્સાહી શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સંપન્ન કર્યું. બાલદિનની ઉજવણી બાદ પ્રધાનમંત્રીશ્રીનાં 'સ્વચ્છતા અભિયાન'ને સાકાર કરતાં વિદ્યાર્થીઓએ શાળા પરિસરને સ્વચ્છ બનાવી દીધું હતું.

## જિલ્લા કોંગ્રેસ સમિતિએ ચાચા નહેરુને શ્રદ્ધાંજલિ અર્પી : આજે ફ્રુટ વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૪

દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રદ્ધાંસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આજે સિવિલ હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવશે.

સેક્ટર-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નહેરુચાચાની ૧૨૫મી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જવનાહરાલ નહેરુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ જશુભા રાણા, નિશિત વ્યાસ સહિત મનપાના કોંગ્રેસના કોર્પોરેટરો, જિલ્લા તાલુકાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ જન્મજયંતિ નિમિત્તે આજરોજ શનિવારે બપોરે ૩.૩૦ વાગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફળફળાદી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં પક્ષના કાર્યકરો, કોર્પોરેટરો, મહિલા કોંગ્રેસ અને યુવા કોંગ્રેસના કાર્યકરોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.


## ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનું સ્નેહમિલન

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનું સ્નેહમિલન યોજાશે. તા. ૧૬ નવેમ્બર રવિવારે સવારે ૯.૩૦ વાગે સમાજવાડી કુડાસણ ખાતે યોજવામાં આવશે. સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, વિશિષ્ઠ વ્યક્તિઓનું સન્માન, તેમજ દાંપત્ય જીવનની હાફ સેન્ચુરી લગાવનાર દંપતિઓનું સન્માન કરવામાં આવશે. છાસઠ સમાજના પરિવારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




જો આજે બાલદિન છે... આજે મને બાબો સાચવવાનું કહીને બલાલ ન કરતી...!!



## ખો-ખો સ્પર્ધા યોજાઈ

સાદરા ગુજરાત વિદ્યાપીઠમાં આંતગૃહ ખો-ખો સ્પર્ધા યોજાઈ હતી. ભાઈઓ અને બહેનોની રમત યોજાયા બાદ મુખ્ય મહેમાન રમેશભાઈ પટેલે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતું વકતવ્ય આપ્યું હતું અને જણાવ્યું હતું કે સાંપ્રત સમયમાં માનવજીવનને અનેક રોગોએ ભરડામાં લીધું છે તેને નિર્મુલન કરવાનો કોઈ ઉપાય હોય તો એક માત્ર વ્યાયામ છે. વિજેતા ખેલાડીઓને ગાંધી વિચાર દોહન પુસ્તક આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ઉદાજી પરમાર, ડૉ. પ્રભુભાઈ કાસુન્દ્રા, દિગ્વિજયસિંહ ચૌહાણ, દિલીપ ચંદ્રેશા ઉપસ્થિત રહ્યા હતા.

## જયારે મનથી સ્વચ્છ, સ્વસ્થ અને સંતોષી માણસને જિંદગી હરીભરી લાગે છે, આખી સૃષ્ટિનો વૈભવ એ માણી શકે છે, અભાવ અને સંઘર્ષ એમને છંછેડી શકતા નથી, એમને તો એ ઘોળીને પી જાય છે

### સ્વચ્છતા : તન, મન અને વતનની !

હર્ષદ પ્ર. શાહ

ગયો મહિનો દીપોત્સવનો મહિનો હતો. ભારતના ઘર-ઘરમાં લાખો કરોડો દીવડા પ્રગટ્યા હશે. ઘર અજવાળાથી ઊભરાઇ ગયા હશે. ચોતરફ, ચહુદિશામાં પ્રકાશનું સામ્રાજય હતું. ફટાકડા ફોડવાની પરંપરા ઘણા શીખોનીએ જાળવી રાખી! લોકોએ ખૂબ મિષ્ટાન્ન માણ્યું, ઘરનો કચરો સાફ થયો, બહાર આવ્યો. આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇએ 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'ની ઝુંબેશ શરૂ કરી. ભારતની પ્રજાના મનમાં સ્વચ્છતાના વિચારબીજનું આરોપણ થયું. સ્વચ્છતા-અભિયાન સાથે ફોટા - અભિયાન પણ જોરદાર ચાલ્યું. ફોટોગ્રાફરો અને વિડિયોગ્રાફરોએ ખૂબ સક્રિય થવું પડ્યું. એમને આનંદ જ આવ્યો હશે!

પણ.... આ બધું જોતાં જોતાં મારા મનમાં કેટલાક વિચારો ઉદ્‌ભવ્યા... અને એ હું તારી પાસે વ્યક્ત ન કરું તો કયાં કરું? મારું દિલ ખોલવાનું સ્થાન તમે જ બધા તો છો!

મેં જોયું કે સ્વચ્છતા અભિયાન જેમ જેમ વેગ પકડતું જાય છે તેમ તેમ ઘર, સરકારી ઓફિસો, શાળાઓ, કોર્પોરેટ મહેલો અને મોલ - એ બધાં તો સાફસુથરાં દેખાવા માંડ્યા. પણ જાહેર માર્ગો અને સ્થાનો પર કચરાના ઢગ દેખવા માંડ્યા. કચરો અંદરથી બહાર આવ્યો. હવે બહારથી કયાં જશે એ વાત મૂંઝવે છે.

દિ. ૦૯.૧૧.૨૦૧૪ના એક છાપામાં વાંચ્યું કે તિરુપતિ બાલાજીના મંદિરમાં ઘણા લોકો એક પ્રકારના વિશેષ આસ્થાભાવથી પોતાના વાળ ચડાવે છે, મુંડન કરાવે છે. આટલા મોટા જથ્થામાં ભેગા થતા વાળનું શું કરવું એ વહીવટીદારો માટે પ્રશ્ન હતો. પણ હવે એના ગાંઠવાળા લાંબા લાંબા ચોટલા બનાવી વ્યવસાય રૂપે વિકસ્યો છે અને એ થકી કરોડોનો વેપાર થાય છે.

શું કચરાનું પણ આવું ન થઇ શકે? કચરાનું સમજપૂર્વકનું વર્ગીકરણ કરવામાં આવે - લીલો કચરો, સૂકો કચરો, પ્લાસ્ટિકની કે અન્ય ચીજ વસ્તુઓ વગેરે... તો કામ સહેલું બને. કચરાને યોજનાપૂર્વક ઘેર-ઘેરથી એકઠો કરવામાં આવે તો કેટલાક કચરાનું ખાતરમાં રૂપાંતર કરી શકાય, કેટલાકને ખુલ્લી - એકાંત જગ્યામાં બાળી એનો નિકાસ કરી શકાય, કેટલાંકનું રીસાયકલીંગ પ્રક્રિયા કરી પુનઃવાપરી શકાય એવી વસ્તુઓમાં રૂપાંતરણ કરી શકાય.

આવી રીતે જો સમગ્રતાથી વિચારવામાં આવે અને પ્રશાસન દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવે તો કચરો અંદરથી બહાર આવે અને બહાર વિકરાળ રૂપ ધારણ ન કરે! એનો રચનાત્મક નિકાલ થાય.

૧લી એપ્રિલ ૨૦૧૦ના રોજ મા. શ્રી નરેન્દ્રભાઇએ જયારે ગાંધીનગરના ટાઉનહોલમાં 'વાંચે ગુજરાત' અભિયાન ખુલ્લું મૂક્યું ત્યારે તેઓ બોલ્યા હતા કે વાચનનો વિચાર ખરેખર તો આપણા જિન્સમાં જ વણાઇ જવો જોઇએ. એવી જ રીતે 'સ્વચ્છતા'નો વિચાર પણ આપણા બધાના જિન્સમાં વણાઇ જાય તો કેવું? પછી શું અંદર કે શું બહાર.... શું ઘર કે જાહેર જગ્યાઓ... કંઇ જ ન બગાડ્યું, બધું સ્વચ્છ રાખવું કારણ કે અંદર બહાર બધું જ આપણું છે. બહાર નીકળીને કામ કરનારા લોકો તો ૧૦ થી ૧૫ કલાક ઘરની બહાર જ રહેતા હોય છે. શું સમગ્ર સ્વચ્છતાનો લાભ એ બધાને ન મળે? સ્વચ્છતાનો પહેલો પાઠ માતાઓએ શીખવો જોઇએ અને બાળકોને શિખવાડવો જોઇએ. જિન્સની વાત એટલે આ વાત. અને તો રોગ ઓછા ફરકશે. મચ્છરોનું સંગીત ઓછું સંભળાશે. ડોકટરે પાસે જવાનું પ્રમાણ ઘટશે... અને તેથી ડોકટર બનવું એ જ જીવનનું એકમાત્ર મહાન પુણ્યકર્મ છે એવું માનીને ભણતા વિદ્યાર્થીઓ ઘણું બધું બીજું કંઇક બનશે.

સ્વચ્છતામાં સ્વસ્થતા તો સમાયેલી છે જ પણ, પ્રભુતા પણ સમાયેલી છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા. સ્વચ્છ રહેવા થોડો પરિશ્રમ કરવાની ટેવ પણ આપણને પડશે અને તેથી શ્રમનો મહિમા પણ સમજાશે અને નરેન્દ્રભાઇ જેવી વિચારવંત વ્યક્તિને 'શ્રમ એવ જયતે' જેવું સૂત્ર શોધવાનો શ્રમ ભવિષ્યમાં નહી કરવો પડે!

આજના અખબારમાં વળી એક વિચિત્ર ફોટો જોયો. કેટલાક સેલિબ્રીટીઓ હાથમાં મોટું ઝાડું લઇને 'અતિ સ્વચ્છ' રસ્તાને સાફ કરી રહ્યા છે. સ્વચ્છતાનો આવો દંભ તો માનવમનને જ અસ્વચ્છ બનાવી રહ્યો છે. સ્વચ્છતા અભિયાનની ઉપયોગિતા સમજાવવાને બદલે એ હાસ્યાસ્પદ બની રહ્યું છે અને છેવટે એની ગરિમા નિરર્થકતા તરફ ગતિ કરશે.

નેતાઓએ અને મોટા માણસોએ સમાજનું પ્રબોધન સારા અને સ્વચ્છ બનવાની દિશામાં કરવાનું હોય, નહીં કે સારા અને સ્વચ્છ દેખાવાની દિશામાં!

આવું બધું જોઇને તો એમ લાગે કે સૌથી વધુ જરૂર છે મન-બુદ્ધિ-વિવેકનો કચરો સાફ કરવાની, ચિત્તશુદ્ધિ કરવાની, આપણે કહીએ છીએ એને કે કૂવામાં હોય તો હવાડામાં આવે ને! એમ મન સ્વચ્છ હોય તો તન પણ સ્વચ્છ અને વતન પણ સ્વચ્છ.

મનપ્રદેશમાં પ્રકાશ પાથરવાનું કામ તો ખરેખર અદ્‌ભૂત છે. મને એક સુંદર સાત્ત્વિક ફિલ્મી ગીત યાદ આવે છે -

'જયોતિ કલશ છલકે,
મંગલ ઘટ ઢલકે...'

જયોતિપર્વની મંગલ - શીતલ છાયામાં મનની જયોતિની પણ થોડી વાત કરી લઇએ.

એક દિવસ એક શ્રીમંત પિતા એના પુત્રને લઇને દૂર દૂર આવેલા એક નાના ગામમાં પહોંચી ગયા. ધનાઢ્ય પિતાને એના પુત્રને ગરીબ માણસો કેવી રીતે જીવે તે બતાવવું હતું. બે-ત્રણ રાત્રિ પિતા પુત્ર એક ખૂબ જ ગરીબ એવા કુટુંબ સાથે એના નાનકડાં ખેતરમાં રહ્યા.

ઘેર પાછા ફરતી વખતે પિતાએ પુત્રને પુછ્યું, 'તને આ ટ્રીપ કેવી લાગી?'

'ખૂબ જ સરસ પપ્પા.'

'તેં જોયું ને, માણસો કેટલા ગરીબપ હોય છે તે?'

'હા પપ્પા,' પુત્રે જવાબ આપ્યો.

'તું એમાંથી શું શીખ્યો?' પિતાએ તરૂણ પુત્રને પુછ્યું.

પુત્રે જવાહ આપ્યો :

● મેં જોયું કે આપણી પાસે એક કૂતરો છે, જયારે એમની પાસે ચાર કૂતરા છે.

● આપણી પાસે આપણા બગીચામાં એક તરણકુંડ છે, જયારે એમની નજીક મોટું ઝરણું છે.

● આપણા બગીચામાં વિદેશી દીવાઓ છે, જયારે એમની પાસે આભમાં ચકલતા તારલાઓ છે.

● આપણી સેવા કરવા માટે નોકરો છે, તેઓ બીજાની સેવા કરે છે.

● આપણે અનાજ ખરીદીએ છીએ, તેઓ અનાજ ઉગાડે છે.

● આપણી મિલ્કતનું રક્ષણ કરવા માટે આપણે દીવાલો બાંધી છે, એમનું રણ કરવા માટે એમના મિત્રો છે.

પુત્રના આ શબ્દો સાંભળી પિતા અવાચક બની ગયા!

પુત્રે કહ્યું, 'પપ્પા, હું તમારો ખૂબ આભાર માનું છું કે તમે અહીં લઇ આવ્યા. તમે મને બતાવી આપ્યું કે આપણે કેટલા ગરીબ છીએ!'

આનું નામ દૃષ્ટિભેદ. જીવન પ્રત્યેનો અનોખો અભિગમ. એક જ પરિસ્થિતિ જોવાના બે ભિન્ન દૃષ્ટિકોણ.

આપણું મન કઇ દિશામાં કેવી રીતે વિચાર કરે છે તેના ઉપર સુખ અને આનંદ નિર્ભર છે. એક વ્યક્તિ પાસે ધનસંપત્તિ અને સુખસગવડનાં અનેકવિધ સાધનો હોવા છતાં એ દુઃખી રહી છે, જયારે બીજી વ્યક્તિ ઘણાબધા અભાવો વચ્ચે પણ મસ્ત રહીને જીવી શકે છે. કેટલાક માણસો યાચક જ હોય છે! જિંદગી પાસે સતત માગતા જ રહે છે. એમને કદી કોઇ વાતે સંતોષ જ થતો નથી. એમને જિંદગી ખાલી ખાલી લાગે છે. ખાલિપો પૂરવા માટે વ્યસન અને મનોરંજન તરફ ઢળે છે.

જયારે મનથી સ્વચ્છ, સ્વસ્થ અને સંતોષી માણસને જિંદગી હરીભરી લાગે છે. આખી સૃષ્ટિનો વૈભવ એ માણી શકે છે. અભાવ અને સંઘર્ષ એમને છંછેડી શકતા નથી. એમને તો એ ઘોળીને પી જાય છે.

રજનીશજીએ એક બહુ સરસ વાત કહી છે, 'માણસનું હૃદય અક્ષયપાત્ર બની શકે, પણ આ આપણે તેનો ઉપયોગ ભિક્ષાપાત્ર તરીકે કરીએ છીએ.'

પ્રત્યેક મનુષ્યના જીવનમાં ચિત્તશુદ્ધિ અને વિચારશુદ્ધિનું ખૂબ મહત્ત્વ છે. એ સ્ખલન અટકાવે છે, તમસ હટાવે છે અને જયોતિર્મય ભાવવિશ્વમાં પ્રવેશ કરાવે છે.

સ્વચ્છતા અભિયાન સંદર્ભે મારા મનમાં ઉદ્‌ભવેલા વિચારો આપ સૌની સમક્ષ વ્યક્ત કરીને હું હવે આશ્વાસ્ત થયો કે, હવે આ વિચારો પ્રવેગી ગતિથી સમાજને પ્રભાવિત કરશે.